# કાંઠા સુગરના કૌભાંડી સામે તપાસ નહીં થાય તો આંદોલન

**જશવંતભાઈ** પટેલે જિલ્લા પોલીસ વડાને લેખિત ફરિયાદ કરી

સુરતઃ ઓલપાડ તાલુકાના સરસ ગામ સ્થિત શ્રી કાંઠા વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લિ.માં એન.સી.ડી.સી. (NCDC) લોન, ખાતર, બિયારણ અને અન્ય નાણાકીય વ્યવહારોમાં કરોડો રૂપિયાની ગેરરીતિઓ થયાનો આક્ષેપ કરી ખેડૂત સભાસદ જશવંતભાઈ ડાહ્યાભાઈ પટેલે સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે મંડળીના ભૂતપૂર્વ પ્રમુખ, કેટલાક ડિરેક્ટરો તથા જવાબદાર હોદ્દેદારો દ્વારા સભાસદો અને ખેડૂતોના હિતોને નુકસાન પહોંચે તે રીતે મંડળીના નાણાંનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપો છે.

એન.સી.ડી.સી. લોનના ઉપયોગ, ખાતર-બિયારણના વ્યવહારો અને અન્ય નાણાકીય લેવડદેવડમાં નિયમોનું ઉલ્લંઘન કરી કરોડો રૂપિયાની ગેરરીતિ આચરાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે અગાઉ પોલીસ ફરિયાદો અને કાયદેસરની કાર્યવાહી છતાં કેટલાક જવાબદારો સામે પૂરતી કાર્યવાહી થઈ નથી અને ગુના નોંધાયેલા હોવા છતાં તેમની ધરપકડ કરવામાં આવી નથી. જેના કારણે ખેડૂતો અને હજારો સભાસદોમાં ભારે અસંતોષ ફેલાયો છે. સહકારી સંસ્થાઓમાં પારદર્શિતા અને જવાબદારી જળવાય તે માટે આ મામલે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે. જો યોગ્ય સમયમર્યાદામાં અસરકારક પગલાં લેવામાં નહીં આવે તો ખેડૂતો, સભાસદો અને સહકારપ્રેમી નાગરિકોને સાથે રાખી લોકશાહી ઢબે વ્યાપક આંદોલન છેડવામાં આવશે.

### સુરત જિલ્લા પોલીસ અધિક્ષક સમક્ષ આ માંગણી કરાઇ

(1) સમગ્ર મામલાની સ્વતંત્ર અને નિષ્પક્ષ ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે.
(2) કૌભાંડમાં સંડોવાયેલા તમામ જવાબદાર વ્યક્તિઓની ભૂમિકા તપાસી કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.
(3) ગુનામાં સંડોવાયેલા વોન્ટેડ પૂર્વ ડિરેક્ટર એવા આરોપીઓની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.
4 )મંડળીના નાણાંની સંપૂર્ણ ફોરેન્સિક ઓડિટ કરવામાં આવે.
(5 )ખેડૂતો અને સભાસદોને થયેલ નુકસાનની વસુલાત જવાબદાર વ્યક્તિઓ પાસેથી કરવામાં આવે.
( 6 )તપાસ દરમિયાન કોઈપણ પ્રકારનું રાજકીય અથવા પ્રભાવશાળી દબાણ સ્વીકારવામાં ન આવે.

# વલસાડમાં રૂ.10,000ની લાંચ લેતાં રેલવે હોસ્પિટલનો OS CBIના હાથે ઝડપાયો

**નિવૃત્ત** કર્મીનું મેડિકલ બિલ પાસ કરવા 20 હજાર માંગ્યા હતા

વલસાડઃ પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ (MMCT) મંડળ હેઠળ આવતા વલસાડની રેલવે હોસ્પિટલમાં ફરજ બજાવતા ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ (OS) વિશ્વેશ્વર કુમાર બહેરાને ગાંધીનગર CBIની ટીમે રૂ.10,000ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ, એક નિવૃત્ત રેલવે કર્મચારીના મેડિકલ રીઅમ્બર્સમેન્ટના બિલ પાસ કરવા માટે આરોપી વિશ્વેશ્વર કુમારે રૂ.20,000ની લાંચની માંગણી કરી હતી. નિવૃત્ત કર્મચારી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ મામલે CBI ગાંધીનગર સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે CBIની ટીમે ટ્રેપ ગોઠવી હતી.

આરોપીએ ફરિયાદીને લાંચનો પ્રથમ હપ્તો રૂ.10,000 આપવા માટે વલસાડ શહેર વિસ્તારમાં બોલાવ્યો હતો.

5 ઓગસ્ટના રોજ સાંજે આશરે 6:00 વાગ્યે ફરિયાદી પાસેથી રૂ.10,000ની રકમ સ્વીકારતી વખતે જ CBIએ તેને રેડ હેન્ડેડ ઝડપી લીધો હતો. હાલ CBI ગાંધીનગર દ્વારા આ મામલે આગળની વિસ્તૃત તપાસ અને પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિશેષ તપાસ કરશે

# BCIની કડક કાર્યવાહીથી દક્ષિણ ગુજરાતની લો કોલેજોમાં દોડધામ

**છ** અઠવાડિયામાં BCIને રિપોર્ટ સોંપવાનો આદેશ; નિયમ ભંગ કરતી કોલેજો સામે જોડાણ રદ સુધીની કાર્યવાહી શક્ય




સુરતઃ દેશમાં કાયદા શિક્ષણની ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (BCI) એ કડક વલણ અપનાવતાં તમામ યુનિવર્સિટીઓને સંલગ્ન લો કોલેજોનું વ્યાપક નિરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. આ નિર્દેશ બાદ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ દક્ષિણ ગુજરાતની તમામ લો કોલેજોમાં વિશેષ તપાસ હાથ ધરવાની તૈયારી શરૂ કરી છે.

યુનિવર્સિટી દ્વારા નિષ્ણાતોની ટીમો બનાવી કોલેજોની સ્થળ પર જઈને ચકાસણી કરવામાં આવશે. તપાસ દરમિયાન લાયકાત ધરાવતા ફેકલ્ટીની ઉપલબ્ધતા, વિદ્યાર્થીઓ માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પુસ્તકાલય, મૂટ કોર્ટ રૂમ સહિત BCIના તમામ નિયમોનું પાલન થઈ રહ્યું છે કે નહીં તેની વિગતવાર સમીક્ષા કરવામાં આવશે.

સાથે જ નિયમો વિરુદ્ધ ચલાવવામાં આવતા વીક એન્ડ અથવા સાંજના વર્ગો અંગે પણ તપાસ થશે. BCIએ સ્પષ્ટ સૂચના આપી છે કે, તપાસ દરમિયાન ગેરરીતિ કે નિયમભંગ સામે આવે તો માત્ર દંડ પૂરતો નહીં, પરંતુ સંબંધિત કોલેજનું જોડાણ (એફિલિએશન) રદ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવી પડશે. સમગ્ર તપાસ પૂર્ણ કરીને આગામી છ અઠવાડિયામાં BCIને વિગતવાર અહેવાલ મોકલવાનો રહેશે.

BCIએ એ પણ ચેતવણી આપી છે કે નિર્ધારિત સમયમર્યાદામાં અહેવાલ રજૂ નહીં કરવામાં આવે તો સંબંધિત યુનિવર્સિટીના કુલસચિવ સામે શિસ્તભંગની કાર્યવાહી થઈ શકે છે. આ કડક સૂચનાઓ બાદ દક્ષિણ ગુજરાતની લો કોલેજોના સંચાલકોમાં ચિંતા સાથે જરૂરી વ્યવસ્થાઓ પૂર્ણ કરવાની દોડધામ શરૂ થઈ છે.

# ગુજરાતના સિંચાઈ વિભાગમાં કરોડોનું કૌભાંડ

**ધંધુકા**-વલ્લભીપુરના 400 કરોડના સિંચાઈ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારની તપાસની કોંગ્રેસની માંગ

અમદાવાદ : ધંધુકા વિસ્તારના 32 ગામોની આશરે 30 હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ પહોંચાડવા માટે સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા હાથ ધરાયેલા વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ અને ભૂગર્ભ પાઈપલાઈન પ્રોજેક્ટમાં 400 કરોડની મોટાપાયે ગેરરીતિ અને ભ્રષ્ટાચાર થયાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસએ કર્યો છે.

પ્રદેશ કોંગ્રેસના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ મુખ્યમંત્રી અને રાજ્ય વિજિલન્સ કમિશનમાં લેખિત ફરિયાદ કરીને સમગ્ર મામલે પારદર્શક અને ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

### CAGના અહેવાલમાં આવેલી ગંભીર ક્ષતિ

(1) ટેન્ડરની શરત પ્રમાણે 248 KPA ક્ષમતાની GRP પાઈપો વાપરવી ફરજિયાત હતી છતાં 124 KPA ક્ષમતાની નબળી ગુણવત્તાની પાઈપોનો ઉપયોગ કરાયો
(2) 360 મીટર પાઈપો ન તો પ્રોજેક્ટમાં વાપરવામાં આવી હતી અને ન તો વિભાગમાં જમા કરાવવામાં આવી હતી, છતાં તેના બદલામાં રૂ. 50.33 લાખનું ચૂકવણું કરવામાં આવ્યું હતું.
(3) 68 ટકા કામગીરી પૂર્ણ થઈ હોવા છતાં 15 જૂન, 2022ના રોજ કામ પૂર્ણ થયાનું કમ્પ્લીશન સર્ટિફિકેટ આપી દેવામાં આવ્યું હતું, જ્યારે આશરે રૂ. 25.34 કરોડનું કામ અધૂરૂં રહ્યું હતું.

# ઉધનામાં કેમિકલ ભરેલો ટેમ્પો પલટી ખાઈ જતાં યુવકનું મોત

સુરતઃ ઉધનામાં કેમિકલ ભરેલો ટેમ્પો પલટી ખાઈ જતાં યુવકનું મોત નીપજ્યું હતું. પાંડેસરા સ્થિત કર્મયોગી સોસાયટી વિભાગ-2માં રહેતા પ્રવીણ શ્યામમુરારી પંડિત (ઉં.વ.40) ગઈકાલે સાંજે પોતાના સગા ભાઈ હિતેન્દ્ર ઉર્ફે અજય સાથે સોનલ ઈન્ડસ્ટ્રીઝમાંથી ટેમ્પોમાં કેમિકલ ભરી ઉધનાના ભરતનગર ખાતે પહોંચાડવા નીકળ્યા હતા. રસ્તામાં ભાઠેના ચાર રસ્તા પાસે જોગેશ્વરી વડાપાઉં નજીક પહોંચતા અચાનક ટેમ્પો પલટી ખાઈ ગયો હતો. અકસ્માતમાં પ્રવીણ ટેમ્પો નીચે દબાઈ જતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા. સ્થાનિકોની મદદથી તેમને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સમયે ટેમ્પો ચલાવી રહેલા હિતેન્દ્ર ઉર્ફે અજયનો ચમત્કારિક રીતે બચાવ થયો હતો. ઘટનાની જાણ થતાં ઉધના પોલીસ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.

# TTFની રાજ્યના પ્રવાસનમાં મહત્વની ભૂમિકા : મુખ્યમંત્રી

**10** દેશના 900થી વધુ એક્ઝિબિટર્સની ભાગીદારી

ગાંધીનગર : પશ્ચિમ ભારતના અગ્રણી ટ્રાવેલ ટ્રેડ શો TTF અમદાવાદ-2026નો ગુરુવારે ગાંધીનગરના મહાત્મા મંદિર કન્વેન્શન એન્ડ એક્ઝિબિશન સેન્ટરમાં ભવ્ય પ્રારંભ થયો હતો. ફેરફેસ્ટ મીડિયા દ્વારા આયોજિત આ ત્રણ દિવસીય ટ્રાવેલ ટ્રેડ પ્રદર્શન 6થી 8 ઓગસ્ટ દરમિયાન યોજાશે, જેમાં ભારત અને વિશ્વના પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા 10 દેશોના 900થી વધુ એક્ઝિબિટર્સ ભાગ લઈ રહ્યા છે.

આ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલએ જણાવ્યું હતું કે છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં યોજાતો TTF રાજ્યના પ્રવાસન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે રાજ્ય સરકારે વર્ષ 2026ને 'પર્યટન વર્ષ' તરીકે જાહેર કર્યું છે અને આ ટ્રાવેલ ફેર ગુજરાતના પ્રવાસન સ્થળોને વૈશ્વિક સ્તરે વધુ વ્યાપક ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે.

TTF અમદાવાદ-2026માં વિશ્વના વિવિધ દેશોના પ્રવાસન બોર્ડ, ટ્રાવેલ કંપનીઓ, હૉસ્પિટાલિટી બ્રાન્ડ્સ, એરલાઈન્સ, ડેસ્ટિનેશન મેનેજમેન્ટ કંપનીઓ (DMCs) અને ટ્રાવેલ ટેક્નોલોજી પ્રદાતાઓ પોતાના ઉત્પાદનો અને સેવાઓનું પ્રદર્શન કરી રહ્યા છે. સમગ્ર કાર્યક્રમ B2B નેટવર્કિંગ અને વ્યાવસાયિક ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત છે.

આ વર્ષે ઈઝરાયલ 'ફીચર્ડ કન્ટ્રી' તરીકે ભાગ લઈ રહ્યું છે. ઉપરાંત વિયેતનામ, શ્રીલંકા, સંયુક્ત આરબ અમીરાત (UAE), નેપાળ, અમેરિકા, ચીન, થાઈલેન્ડ અને ભૂટાન સહિતના દેશો પોતાના પ્રવાસન આકર્ષણો રજૂ કરી રહ્યા છે.

ગુજરાત ટુરિઝમ યજમાન રાજ્ય તરીકે જોડાયું છે, જ્યારે ગોવા, ઉત્તરાખંડ, ઓડિશા, રાજસ્થાન, કેરળ, જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, પંજાબ, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને કર્ણાટક પાર્ટનર સ્ટેટ તરીકે ભાગ લઈ રહ્યા છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ઉત્તરાખંડના પ્રવાસન મંત્રી સતપાલ મહારાજ, ગોવાના પ્રવાસન મંત્રી રોહન એ. ખાઉન્ટે તેમજ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગના સચિવ કુલદીપ આર્યા (IAS) સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# દાદર-ભુસાવલ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા 25 સપ્ટેમ્બર સુધી વધાર્યા

સુરતઃ મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ દાદર-ભુસાવલ સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન (09049/09050) ના ફેરાઓનો 25 સપ્ટેમ્બર 2026 સુધી વિસ્તાર કરવાનો નિર્ણય લીધો છે. આ ટ્રેનનું સંચાલન ભેસ્તાન સ્ટેશન થઈને થતું હોવાથી સુરત અને આસપાસના મુસાફરોને પણ તેનો સીધો લાભ મળશે. પશ્ચિમ રેલવેના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર 09049 દાદર-ભુસાવલ સાપ્તાહિક સ્પેશિયલના ફેરા હવે 25 સપ્ટેમ્બર, 2026 સુધી ચાલુ રહેશે. એ જ રીતે ટ્રેન નંબર 09050 ભુસાવલ-દાદર સાપ્તાહિક સ્પેશિયલનું સંચાલન પણ 25 સપ્ટેમ્બર સુધી વધારી દેવામાં આવ્યું છે. રેલવે સૂત્રોનું કહેવું છે કે આ નિર્ણય મુસાફરોની સુવિધા અને મુસાફરીની વધારાની માંગને પહોંચી વળવા માટે લેવામાં આવ્યો છે. આ ટ્રેન વિશેષ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે ચલાવવામાં આવશે.

# હાડકા-સાંધા-સ્નાયુઓના હઠીલા દર્દ માટે ટેબ ક્લિનિકની સારવાર અકસીર

સુરતઃ હાડકા-સાંધા-સ્નાયુઓના હઠીલા દર્દોના એક માત્ર ઉપચાર તરીકે નાનપુરામાં આવેલા ટેબ ક્લિનિકની સારવાર લોકપ્રિય થઈ રહી છે. હાડકા-સાંધા-સ્નાયુ તેમજ મણકાના દુઃખાવાઓમાં આયુર્વેદ વધુ લોકપ્રિય થઈ રહ્યું છે. વધુ અને વધુ લોકો આયુર્વેદને પસંદ કરી રહ્યા છે. કારણ કે આયુર્વેદ એ પ્રાકૃતિક અને રાંપૂર્ણ ઉપચાર પ્રણાલી છે. આયુર્વેદ ફક્ત લક્ષણો જ નહીં તેના મૂળ કારણોને ટાર્ગેટ કરે છે. આથી લાંબા ગાળાના પરિણામો મળે છે.

ટેબ કિલનીકસમાં આયુર્વેદમાં જણાવેલા દરેક પાસાઓનું નિરીક્ષણ કરીને, લાંબા સમયના રિસર્ચ પછી વિકસાવેલી સારવાર પધ્ધતિથી દર્દીને સંપૂર્ણ રીતે સાજા કરવામાં આવે છે. ટેબ ક્લિનિકમાં આવનાર મોટાભાગના દર્દીઓ અનેક પ્રકારની સારવાર કરીને થાકી હારીને અંતે આખરી ઉપાય અજમાવવા આવતાં હોય છે. ત્યાં સુધીમાં તેમનો દુઃખાવો, સોજો અને જકડાહટ ખુબ વધી ગયા હોય છે. ટેબની સારવાર માત્ર લક્ષણો મટાડવાના બદલે સાંધાઓને અંદરથી રીપેર કરે છે આથી સાંધાઓની વચ્ચે રહેલ ગાદી તથા સાઈનોવીરાલ ફલ્યુડ ફરી બનવાનું ચાલુ થાય છે અને સાંધાઓ રીજનરેટ થાય છે. આથી દર્દી જમીન પર પલાંઠી વાળીને બેસી શકે છે. દાદરા ચડ-ઉત્તર કરી શકે છે. પોતાનું દરેક કામ પોતે જાતે સ્વતંત્રપણે કરી શકે છે. ટેબ કિલનીકસમાં ૯ વર્ષના બાળકથી લઈને ૯૦ વર્ષના વૃધ્ધ વ્યકિતઓ સાજા થયા છે. અન્ય દવાઓ નિયમિત ચાલુ રાખીને ટેબ ક્લિનિકની ઔષધીઓ લઈ શકાય છે. વળી, OPD બેઈઝ પર સારવાર થતી હોવાથી દર્દીને દાખલ થવાની બિલકુલ જરૂરત નથી. બલ્કે દર્દી પોતાનું રોજીંદુ કામકાજ કરતાં-કરતાં સારવાર કરી શકે છે. ટેબ કિલનીકસ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી અને રવિવારે પણ રાબેતા મુજબ ખુલ્લું રહે છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### સુરતમાં 235 કિલો...

તથા એનાલોગ બટરનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતી કુલ 14 જેટલી સંસ્થાઓમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચેકિંગ દરમિયાન મનપાની ટીમો દ્વારા વિવિધ સ્થળ પરથી મળી આવેલા એનાલોગ ચીઝનો આશરે 235 કિલોગ્રામ જેટલો જથ્થો કબ્જે કરી તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

આ ઝુંબેશના સંદર્ભમાં સુરત મનપાના ફૂડ સેફ્ટી ઓફિસર સમીર દેસાઈએ જણાવ્યું હતું કે, સરકારે પ્રતિબંધ મૂક્યો હોવાથી હવેથી કોઈપણ વેપારી એનાલોગ પનીર, ચીઝ અને બટર વેચી શકશે નહીં. મનપા દ્વારા એનાલોગ પનીર અને ચીઝનું વેચાણ અટકાવવા માટે દરેક ઝોનમાં 3થી 4 અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે અને આ ટીમો દ્વારા જ્યાં પણ એનાલોગ પ્રોડક્ટ્સનું વેચાણ કે સંગ્રહ થતું હશે ત્યાં દરોડા પાડવામાં આવશે. ઝુંબેશ સતત ચાલુ જ રહેશે. જો કોઈ વેપારી કે હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલક નિયમનો ભંગ કરતા ઝડપાશે તો તેમની સામે કાયદાકીય પગલાં ભરીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

### અચાનક પ્રતિબંધથી સ્ટોક કરનારા સંગ્રહખોરો ભેરવાયા

એનાલોગ પનીર, ચીઝ અને બટર પર મુકાયેલો પ્રતિબંધ ગ્રાહકોની સાથે સાથે વેપારીઓને પણ ફાયદેમંદ જ સાબિત થશે. ભૂતકાળમાં ઘણા સ્પર્ધકો અને વેપારીઓ બનાવટી કે એનાલોગ પ્રોડક્ટ્સ વેચીને ગ્રાહકોને મિસગાઇડ કરતા હતા. હવે આ પ્રતિબંધ બાદ માર્કેટમાં જાગૃતિ આવશે અને અસલી દૂધમાંથી બનતી પ્રોડક્ટ્સના વાજબી ભાવ અને યોગ્ય ગુણવત્તા ગ્રાહકો સુધી પહોંચશે. જોકે, મોટાભાગના વેપારીઓ 8થી 10 દિવસનો સ્ટોક રાખતા હોવાથી અચાનક મૂકાયેલા પ્રતિબંધને કારણે તેમની હાલત ખરાબ થઈ જવા પામી છે.

### પલસાણામાંથી ૪...

૪ પરથી પસાર થવાનો છે. આ માહિતીના આધારે પોલીસે તુંડી ગામની હદમાં વોચ ગોઠવીને શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. ટ્રકમાં તપાસ કરતા ચોખાની પાપડીની થેલીઓની પાછળ સંતાડેલો ૨૫૦૨.૭૭૫ કિલોગ્રામ પોસડોડાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી ડ્રાઈવર સુનીલ ભવરલાલ બિશ્નોઈ (રહે. જોધપુર, રાજસ્થાન)ની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ માદક પદાર્થ મધ્યપ્રદેશના રતલામથી ભરીને રાજસ્થાનના જોધપુર ખાતે પહોંચાડવાનો હતો. વોન્ટેડ આરોપી સુમેરરામ દેવરામ બિશ્નોઈએ આ જથ્થો મોકલ્યો હતો. પોલીસે આ કેસમાં કુલ રૂપિયા રૂ. ૪,૦૪,૨૮,૮૨૫ની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો છે. હાલમાં આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર અને માલ ભરાવનાર સહિત અન્ય વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા માટે આગળની કાયદેસરની કાર્યવાહી પલસાણા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

### કોર્પોરેટરો વચ્ચેની...

સન્માનના દાવા કરવામાં આવે છે, પરંતુ એક મહિલા જનપ્રતિનિધિએ ગંભીર આક્ષેપો કર્યા હોવા છતાં સંગઠનનું મૌન હવે ચર્ચાનો વિષય બન્યું છે. શહેરના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે શું પ્રદેશ નેતૃત્વની ધાક હવે શહેર સંગઠન અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર રહી નથી, કે પછી સંગઠને પોતાની પકડ ગુમાવી દીધી છે? પ્રશાંત કોરાટે મીડિયા સામે આવી સ્પષ્ટતા કરવાના બદલે સીધા વાહનમાં બેસીને નીકળી જવાનું પસંદ કર્યું. મીડિયા કર્મીઓએ વાત કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમણે વાહનના કાચ ચડાવી દીધા અને પછી વાત કરવાની વાત કહી ત્યાંથી રવાના થઈ ગયા. જેના કારણે વધુ પ્રશ્નો ઊભા થયા.ચર્ચાનો વિષય એ પણ બન્યો કે મીડિયા સાથે વાત થશે એવી માહિતી મળતાં પત્રકારો શહેર ભાજપ કાર્યાલય ખાતે રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન કાર્યાલય પરિસરમાં લાગેલા સીસીટીવી કેમેરા અચાનક બંધ કરાવવામાં આવ્યા હોવાની ચર્ચાએ પણ જોર પકડ્યું. જોકે આ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પક્ષ પોતાના જ સંગઠનની અંદર ઊભા થયેલા ગંભીર વિવાદમાં મૌન કેમ છે? હવે ભાજપનું મૌન તૂટશે કે પછી આ મુદ્દે પણ સમય જ જવાબ આપશે, તેના પર સૌની નજર છે.

### મારમારી તો...

થઇ હોવાનું જણાવનાર મહેન્દ્ર દેસાઇની વાત ખોટી હોવાનું ડોકટરની ઓડિયો ક્લિપ સાબિત કરે છે. કેમકે મુઢમાર તો ત્યારે વાગે જયારે મારામારી થઇ હોય હવે સંગઠન શુંપગલા લે છે તે જોવુંરહ્યું.

### સુરતમાં પાણી...

આ આંકડો વધીને 322 થયો હતો. તાવના કેસમાં આટલો મોટો વધારો શહેરમાં વાયરસજન્ય અને ચેપી રોગોના વધતા પ્રકોપની સાબિતી માનવામાં આવી રહ્યો છે. ગેસ્ટ્રોના 395 કેસ નોંધાયા છે, જેમાં જૂનમાં 157 અને જુલાઈમાં 238 દર્દી સારવાર માટે પહોંચ્યા હતા. વરસાદી પાણી અને દૂષિત પીવાના પાણીના કારણે ગેસ્ટ્રોના કેસમાં વધારો થયો હોવાનું માનવામાં આવે છે. મલેરિયાના 336 દર્દી નોંધાયા છે.

જૂનમાં 140 દર્દી સામે જુલાઈમાં 196 દર્દી નોંધાતા મચ્છરજન્ય રોગોમાં પણ વધારો જોવા મળ્યો છે. આરોગ્ય નિષ્ણાતોના મતે શહેરમાં હજુ પણ અનેક વિસ્તારોમાં પાણી ભરાયેલા હોવાથી મચ્છરોનું પ્રમાણ વધી શકે છે તેમજ પીવાના પાણીના સ્ત્રોત દૂષિત થવાની શક્યતા રહે છે. પરિણામે આગામી દિવસોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોમાં વધુ વધારો થઈ શકે છે.

### લસકાણામાં...

નીપજ્યું હતું. ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને શોકનો માહોલ સર્જાયો હતો. બનાવ અંગે તાત્કાલિક ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ સ્થળ પર પહોંચી ભારે જહમત બાદ યુવકના મૃતદેહને બહાર કાઢ્યો હતો અને આ મામલે કામરેજ પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલી કામરેજ પોલીસે મૃતદેહનો કબજો મેળવી તેને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને લિફ્ટની સુરક્ષા અને બાંધકામ સાઈટ પરની નિષ્કાળજી અંગે આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

## અનુસંધાન ... પાના પહેલાનું

### CNG-PNGમાં બાયોગેસ...

છે, તેમ સરકારે જણાવ્યું હતું. ૨૩,૭૩૧ કરોડના કુલ બજેટ ધરાવતા આ કાર્યક્રમમાં કૃષિનો કચરો, ગાયનું છાણ, ખાંડ ઉદ્યોગનો કચરો, નગરપાલિકાઓનો ઓર્ગેનિક કચરો અને અન્ય બાયોમાસનો ઉપયોગ કરીને કમ્પ્રેસ્ડ બાયોગેસ બનાવવામાં આવશે, જેનો ઉપયોગ વાહનોમાં વપરાતા CNGમાં મિશ્રણ કરવા માટે થઈ શકશે. સરકારના જણાવ્યા અનુસાર, આ યોજના અગાઉની પહેલો પર આધારિત છે, જેમાં 'સતત' કાર્યક્રમનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમ હેઠળ ૨૦૦ થી વધુ કમ્પ્રેસ્ડ બાયોગેસ પ્લાન્ટ્સ પહેલાથી જ શરૂ થઈ ચૂક્યા છે. નવા માળખાના ભાગરૂપે, સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓએ ફરજિયાત મિશ્રણના નિયમો પૂરા કરવા માટે કમ્પ્રેસ્ડ બાયોગેસ ખરીદવો પડશે. આ નિયમ હેઠળ ટ્રાન્સપોર્ટમાં વપરાતા CNG અને ઘરોમાં સપ્લાય થતા PNG માટે નાણાકીય વર્ષ ૨૦૨૭માં ૩ ટકા, ૨૦૨૮માં ૪ ટકા અને ૨૦૨૯થી આગળના વર્ષો માટે ૫ ટકા મિશ્રણ ફરજિયાત કરવામાં આવ્યું છે.

### વૈજ્ઞાનિકોએ સૂર્યની...

ચાવી હોઈ શકે છે. તેનાથી ખગોળશાસ્ત્રીઓને સૌર જ્વાળાઓ અને કોરોનલ માસ ઇજેક્શનની વધુ સારી આગાહી કરવામાં મદદ મળી શકે છે જે પૃથ્વી પર ઉપગ્રહ અને સંદેશાવ્યવહાર પ્રણાલીઓને તોડી નાખવાની ધમકી આપે છે. KHI ના વિશિષ્ટ સર્પાકાર પેટર્ન નાનામાં નાના સમુદ્રી તરંગોથી લઈને સૌર પવન અને ગ્રહોના ચુંબકીય ક્ષેત્રો વચ્ચેની ક્રિયાપ્રતિક્રિયાઓ સુધી દરેક જગ્યાએ જોવા મળે છે. જોકે, અત્યાર સુધી, ખગોળશાસ્ત્રીઓ પાસે સૂર્યના બાહ્ય સ્તરોમાં તેમને શોધવા માટે પૂરતા શક્તિશાળી સાધનો નહોતા. નેશનલ સોલાર ઓબ્ઝર્વેટરીના NSF પ્રોગ્રામ ડિરેક્ટર જેક્લીન કીન કહે છે:'દશકો સુધી, આટલા નાના સ્કેલ પર આ વમળો જોવાનું અગમ્ય રહ્યું.' સંશોધકોએ શોધી કાઢ્યું કે સૂર્ય સતત પરપોટા કાઢતો રહે છે અને સપાટી ચુંબકીય રચનાઓ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે, જેના કારણે પ્લાઝમાના પડોશી સ્તરો એકબીજાની પાછળ ખસી જાય છે.

### ચોમાસુ સત્ર પૂરું...

હતી. તેમણે આ બિલની વિવાદાસ્પદ જોગવાઈઓમાં સુધારો કરવા માટે પોતાની છ માંગણીઓ રજૂ કરી હતી. આ જોગવાઈઓમાં બિલને ભૂતકાળની અસરથી લાગુ કરવા અને જો કોઈ NGOનું FCRA લાયસન્સ રદ થાય તો સરકારી સંસ્થાને તેના કસ્ટોડિયન બનાવવાની દરખાસ્તનો સમાવેશ થાય છે. તેમણે એમ પણ જણાવ્યું કે ગૃહ મંત્રાલય, જેણે આ બિલનો મુસદ્દો તૈયાર કર્યો છે, તે ૧૨ ઓગસ્ટે સંસદમાં આ બિલ પર ચર્ચાની માંગ કરશે. અમિત શાહે આ પહેલાં કેથોલિક ચર્ચના નેતાઓના એક પ્રતિનિધિમંડળને પણ ખાતરી આપી હતી કે આ બિલ ભૂતકાળની અસરથી લાગુ નહીં થાય. સંસદમાં બિલ રજૂ કરાયું ત્યારથી મંત્રી પૂર્વોત્તર રાજ્યોના નેતાઓ, મુખ્યમંત્રીઓ અને ધાર્મિક નેતાઓ સાથે જે પરામર્શ કરી રહ્યા છે, આ તેનો જ એક ભાગ છે. આ બિલ ખ્રિસ્તી વિરોધી હોવાની આશંકાઓને દૂર કરવાનો પ્રયાસ કરતાં અમિત શાહે એક બેઠક દરમિયાન આંકડા આપ્યા હતા કે દેશમાં આવતા કુલ ૧૭,૦૦૦ કરોડના વિદેશી દાનમાંથી માત્ર ૩,૦૦૦ કરોડ જ ખ્રિસ્તી સંસ્થાઓ માટે હતા. બુધવારે શાહે ફરીથી અલગથી ચર્ચના ઉચ્ચ પ્રતિનિધિઓના એક પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત કરી હતી. ધાર્મિક જૂથો FCRAના એક મુખ્ય સુધારાનો સખત વિરોધ કરી રહ્યા છે, જે કોઈ સંસ્થાની નોંધણી સમાપ્ત થાય, રદ થાય અથવા સરન્ડર કરવામાં આવે ત્યારે એક "નિયુક્ત સત્તાધિકારી"ને વિદેશી ભંડોળ અને સંપત્તિઓ પર નિયંત્રણ મેળવવાની મંજૂરી આપે છે. જો કે, સંસ્થાઓ નિર્ધારિત સમયમર્યાદામાં પોતાનું લાયસન્સ પુનઃસ્થાપિત કરીને તેમની સંપત્તિ પાછી મેળવી શકે છે, પરંતુ જો સમયમર્યાદા ચૂકી જવાય તો સરકાર દ્વારા તે સંપત્તિ કાયમી ધોરણે જપ્ત કરી લેવામાં આવશે. સરકારે જણાવ્યું છે કે સૂચિત સુધારાઓનો ઉદ્દેશ્ય હાલના FCRA માળખામાં રહેલી વ્યવહારિક ત્રુટિઓને દૂર કરવાનો અને વિદેશી યોગદાન તેમજ સંપત્તિઓના સંચાલન અને દેખરેખને વધુ મજબૂત બનાવવાનો છે.

### જેન ઝી આપણી...

આલ્ફા જૂની પેઢી કરતાં વધુ દેશભક્ત અને પ્રામાણિક છે. મુંબઈમાં ભારતના ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ (IIMUN) ની 15મી વર્ષગાંઠની ઉજવણીમાં લગભગ 2,000 જેન ઝી અને જેન આલ્ફા સભ્યોને સંબોધતા, ભાગવતે કહ્યું કે યુવા પેઢી સત્તા પર પ્રશ્ન ઉઠાવવા બદલ ન્યાય કરવાને બદલે સંવાદ દ્વારા સાંભળવાને પાત્ર છે. ભાગવતે કહ્યું કે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે જો જનરલ ઝેડ કોઈપણ આંદોલનમાં જોડાય છે, તો તેઓ રાષ્ટ્રવિરોધી નથી. તેઓ આપણા પોતાના લોકો છે; તેઓ આપણી આગામી પેઢી છે. વાતચીત થાય તે માટે એકબીજાને ઓળખવા અને આદર આપવાની જરૂર છે. ત્યારે જ અર્થપૂર્ણ સંવાદ થઈ શકે છે, જ્યાં આપણે તેમની ચિંતાઓ સમજીએ અને તેઓ આપણો દૃષ્ટિકોણ સમજે. લોકશાહીમાં વિરોધ એ સંવાદનું એક કાયદેસરનું સ્વરૂપ છે અને તેનો હેતુ મતભેદો કે વિભાજન ઊભા કરવાના બદલે સર્વસંમતિ સાધવાનો હોવો જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે, જો વિવિધ કારણોસર સંવાદ દ્વારા ચિંતાઓ કે પ્રશ્નો સાંભળવામાં ન આવે, તો લોકો આંદોલનનો માર્ગ અપનાવી શકે છે. પરંતુ આ બધાનો હેતુ વિભાજન ઊભું કરવાનો નહીં, પરંતુ સર્વસંમતિ સાધવાનો છે. આજના યુવાનોને પાછલી પેઢીઓ કરતાં વધુ પ્રામાણિક ગણાવતા તેમણે ઉમેર્યું, કે મારું માનવું છે કે આજની યુવા પેઢી પહેલાની પેઢી કરતાં વધુ પ્રામાણિક છે. આ પેઢીમાં રાષ્ટ્ર પ્રત્યે પ્રામાણિકતા, દેશભક્તિની ભાવના અને સેવા પ્રત્યે પ્રતિબદ્ધતા હોવી જોઈએ. ભાગવતે યુવાનોમાં પોતાનો વિશ્વાસ પુનરાવર્તિત કર્યો, જ્યારે સ્વીકાર્યું કે તેઓ પોલીસ અને વિરોધીઓ વચ્ચેના તાજેતરના સંઘર્ષ પાછળના સંપૂર્ણ તથ્યો જાણતા નથી. વિરોધ પ્રદર્શન દરમિયાન ટીયર ગેસ અને પેલેટ ગનનો ઉપયોગ થયાના અહેવાલોનો ઉલ્લેખ કરતા ભાગવતે કહ્યું કે ચકાસાયેલ માહિતી વિના કોઈ નિષ્કર્ષ ન કાઢવો જોઈએ, સાથે જ તેમણે કહ્યું હતું કે જો મારે માનવું જ પડે, તો હું જેન ઝી પર વિશ્વાસ કરીશ. પરંતુ આપણાને વાસ્તવિકતા ખબર નથી.

### અનામત ઉત્થાન...

તેઓએ આગળના લાભો જતા કરવા વિશે વિચારવું જોઈએ જેથી અન્ય લોકોને પણ તકો મળી શકે. તેમણે ભારપૂર્વક કહ્યું કે અનામત એ વંચિત અને નબળા વર્ગોના ઉત્થાન માટે છે, તે કોઈ કાયમી વ્યવસ્થા નથી. ભાગવતે નોંધ્યું હતું કે અનામતનું ઈરાદાપૂર્વક રાજકારણ કરવામાં આવ્યું, જેનાથી સમાજમાં કડવાશ ઊભી થઈ. તેમણે સ્પષ્ટ કર્યું કે આઝાદી પછી ઘડવામાં આવેલી હકારાત્મક ભેદભાવ નાબૂદીની નીતિનો મૂળ હેતુ સમાજમાં વિભાજન ઊંડું કરવાનો નહીં, પરંતુ સામાજિક એકતા વધારવાનો હતો.એક વાર્તાલાપ દરમિયાન અનામત અંગેના પ્રશ્નનો જવાબ આપતા ભાગવતે કહ્યું, તેનું રાજકારણ કરવામાં આવ્યું અને તેનાથી વધુ કડવાશ પેદા થઈ. વાસ્તવમાં, તે સામાજિક એકતા માટે લાવવામાં આવ્યું હતું. જેઓ ઈરાદાપૂર્વક તલવાર ચલાવે છે, તેમણે આ પગલાના હેતુને ખોટી રીતે મરોડ્યો છે. જ્યાં સુધી તેનો ઉપચાર ન થાય, ત્યાં સુધી મને કશું દેખાતું નથી.

### રાહુલ ગાંધીએ...

સમર્થન આપવા અંગેના એક પ્રશ્નના જવાબમાં ગાંધીએ કહ્યું, "દેશમાં જે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે તે શિક્ષણ વ્યવસ્થા વિરુદ્ધ છે. મેં કોટા, દહેરાદૂનમાં આ વાત સ્પષ્ટપણે કહી છે અને અલ્હાબાદમાં પણ કહીશ કે આપણી શિક્ષણ વ્યવસ્થા પડી ભાંગી છે, તે ખૂબ મોંઘી અને દમનકારી છે." તેમણે ઉમેર્યું, "દરેક સરકાર–પછી તે કેન્દ્ર સરકાર હોય, કોંગ્રેસ સરકાર હોય કે ઝારખંડ સરકાર હોય–તેણે વિદ્યાર્થીઓ શું કહી રહ્યા છે તે સાંભળવું જોઈએ અને શિક્ષણ વ્યવસ્થા બદલવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ."

### તહેલકાના સ્થાપક...

અદાલતે પાંચ વર્ષ પહેલાં ગોવાની સેશન્સ કોર્ટ દ્વારા તેમને નિર્દોષ જાહેર કરવાના આદેશને રદ કરીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. હાઈકોર્ટની ગોવા બેંચના ન્યાયમૂર્તિ નીલા ગોખલે અને અમિત જામસંડેકરની પીઠે શરૂઆતમાં તેજપાલને બે અઠવાડિયામાં આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ તેમના વકીલોની વિનંતી બાદ કોર્ટે સમયગાળો વધારીને ચાર અઠવાડિયાં કર્યો હતો. કોર્ટે લઘુત્તમ સજા ફટકારતી વખતે નોંધ્યું હતું કે આ ઘટના ૧૩ વર્ષ પહેલાં બની હતી અને ત્યારથી તેજપાલે અન્ય કોઈ ગુનો કર્યો નથી. કોર્ટે અવલોકન કર્યું કે, બંને પક્ષો (પીડિતા અને તેજપાલ) હવે જીવનમાં આગળ વધી ગયા હશે. અદાલતે તેજપાલ પર રૂ. ૧૦,૨૧,૦૦૦ નો દંડ પણ ફટકાર્યો છે, જે પીડિતાને ચૂકવવામાં આવશે. કોર્ટે જણાવ્યું હતું કે, જાતીય શોષણનો ભોગ બનેલી પીડિતાને આ દંડની સમગ્ર રકમ સોંપવામાં આવશે. જ્યારે તેજપાલે પોતે "રાજકીય પીડિત" હોવાનો અને બે પુત્રીઓનો પિતા હોવાનો દાવો કરીને દયાની અપીલ કરી હતી, ત્યારે ગોવા સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ મહત્તમ સજાની માંગ કરી હતી જેથી સમાજમાં એવો સ્પષ્ટ સંદેશ જાય કે 'ના નો અર્થ ના જ થાય છે'. તેજપાલે કહ્યું કે તેઓ હાઈકોર્ટના આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે. તેજપાલના વકીલ આબાદ પોંડાએ લઘુત્તમ સજાની વિનંતી કરતી વખતે, કોર્ટને તેમની સજા અને દોષસિદ્ધિને ઓછામાં ઓછા ૧૦ અઠવાડિયા માટે સ્થગિત રાખવા પણ વિનંતી કરી હતી જેથી તેઓ સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી શકે. તેજપાલે પાછળથી પત્રકારોને જણાવ્યું હતું કે તેઓ હાઈકોર્ટના આદેશ સામે સર્વોચ્ચ અદાલતમાં જશે. આ કેસ એક ભૂતપૂર્વ જુનિયર સહકર્મી દ્વારા લગાવવામાં આવેલા આરોપો સાથે સંબંધિત છે કે નવેમ્બર ૨૦૧૩માં ગોવામાં યોજાયેલા 'થિંકફેસ્ટ' પ્રોગ્રામ દરમિયાન સિનિયર પત્રકારે હોટેલની લિફ્ટની અંદર તેનું જાતીય શોષણ કર્યું હતું. બળાત્કારની હદે જાય તે પ્રકારનો જાતીય હુમલો કર્યો હતો. ૨૦૨૧માં ટ્રાયલ કોર્ટ દ્વારા તેમને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા બાદ, ગોવા સરકારે આ ચુકાદાને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

**કઇ જોગવાઇઓ હેઠળ તેજપાલ દોષિત ઠર્યા?**

- IPC ની કલમ 376(2)(f): જ્યારે વિશ્વાસ, સત્તા અથવા વાલી/સગાના પદ પર રહેલી કોઈ વ્યક્તિ બળાત્કાર કરે છે ત્યારે આ કલમ લાગુ પડે છે.

- IPC ની કલમ 354-A: પુરુષ દ્વારા કરવામાં આવતી જાતીય સતામણી માટે સજા આપે છે, જેમાં અણગમતો શારીરિક સ્પર્શ, જાતીય ઈચ્છાઓ કે કૃત્યોની માંગણી કરવી, સંમતિ વિના અશ્લીલ ચિત્રો/સાહિત્ય દર્શાવવું અને જાતીય ટિપ્પણીઓ કરવાનો સમાવેશ થાય છે.

- IPC ની કલમ 354B: મહિલાને નિર્વસ્ત્ર કરવાના અથવા તેને નગ્ન થવા માટે મજબૂર કરવાના ઈરાદાથી તેના પર હુમલો કરનાર, ગુનાહિત બળનો પ્રયોગ કરનાર અથવા તેવા કૃત્યમાં મદદ કરનાર કોઈપણ પુરુષને સજા આપે છે. સંવેદનશીલ 16 ડિસેમ્બર, 2012ના ગેંગરેપ પછી ભારતના પૂર્વ મુખ્ય ન્યાયાધીશ જે. એસ. વર્માના નેતૃત્વ હેઠળ રચાયેલી સમિતિ દ્વારા કલમ 376 નો વ્યાપ વધારવામાં આવ્યો હતો.

### પીડિતાનું વર્તન...

પીડિતા) હોવી જોઈએ અને વિશ્વસનીય લાગવા માટે તેણે એક ચોક્કસ પ્રકારે જ વર્તન કરવું પડે. ગોવાની સેશન્સ કોર્ટનું નિરીક્ષણ એવું હતું કે ફરિયાદ નોંધાવનાર પીડિતાના વર્તન પરથી એવું લાગતું ન હતું કે તે ખરેખર બળાત્કારનો ભોગ બની હોય. આની સામે હાઇકોર્ટ કહ્યું હતું કે વ્યક્તિએ વ્યક્તિએ વર્તન જુદું હોઇ શકે છે.

### ઇરાન અને અમેરિકા...

પરંતુ આ સમજૂતી યુએસ દ્વારા ઈરાનના બંદરો પરથી નાકાબંધી હટાવવા પર આધારિત હોવાની શક્યતા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે અગાઉ એવા કોઈ પણ સોદાનો ઈનકાર કર્યો હતો જે સામુદ્રધૂનિ પર ઈરાનની પકડ મજબૂત કરે, કારણ કે તે અમેરિકા માટે મોટું નુકસાન અને વૈશ્વિક નિયમોનું ઉલ્લંઘન ગણાશે. ઈરાને આ સ્ટ્રેટ પર કેટલાક અંશે નિયંત્રણ રાખવાનો આગ્રહ રાખ્યો છે અને કહ્યું છે કે યુદ્ધ પહેલાં આ માર્ગ જેવો આંતરરાષ્ટ્રીય સ્તરે ખુલ્લો જળમાર્ગ હતો, તેવો હવે નહીં રહે. અમેરિકાએ ઇઝરાયેલ સાથે મળીને ૨૮ ફેબ્રુઆરીના રોજ યુદ્ધ શરૂ કર્યું હતું, જેમાં તહેરાનની સરકારને ફેંકી દેવી અને તેના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવા સહિતના વિવિધ લક્ષ્યો દર્શાવવામાં આવ્યા હતા. આ લક્ષ્યો પ્રાપ્ત થઈ શક્યા નથી, અને આ સંઘર્ષ હવે સ્ટ્રેટ પરના વર્ચસ્વની લડાઈમાં ફેરવાઈ ગયો છે, કારણ કે ઈરાનના દાવા અને વહાણવટા પરના હુમલાઓને કારણે દરિયાઈ વાહનવ્યવહાર લગભગ ઠપ થઈ ગયો છે. આ સ્ટ્રેટ બંધ થવાને કારણે–જેમાંથી એક સમયે વિશ્વના વેપાર થતા તેલ અને પ્રાકૃતિક ગેસનો પાંચમો ભાગ પસાર થતો હતો–બળતણ અને આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી ગયા છે, જેનાથી વૈશ્વિક અર્થતંત્ર ખોરવાઈ ગયું છે. યુએસ કૉંગ્રેસની ચૂંટણીઓ પહેલાં ટ્રમ્પ પર અપ્રિય યુદ્ધ સમાપ્ત કરવા માટેનું દબાણ પણ વધી રહ્યું છે. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા એસ્માઈલ બાઘાઈએ જણાવ્યું હતું કે ઓમાન સાથેનો કરાર મસૂદો તૈયાર કરવાના "આખરી તબક્કામાં" છે અને જો "ચોક્કસ પક્ષો આ પ્રક્રિયામાં અવરોધ નહીં ઊભો કરે" તો એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવશે, જેનો સ્પષ્ટ સંકેત અમેરિકા તરફ હતો. ઈરાની અને ઓમાની વાટાઘાટકારોએ સ્ટ્રેટ ફરીથી ખોલવા માટેના ડ્રાફ્ટ ડીલને આખરી ઓપ આપી દીધો છે અને ઈરાનના સર્વોચ્ચ નેતા મોજતબા ખામેનેઈ તરફથી આખરી મંજૂરીની રાહ જોઈ રહ્યા છે, તેમ બુધવારે ધ એસોસિએટેડ પ્રેસ(AP) ને બે પ્રાદેશિક અધિકારીઓએ જણાવ્યું હતું. એવું માનવામાં આવે છે કે યુદ્ધના પ્રારંભિક હુમલાઓમાં ખામેનેઈ ઘાયલ થયા હતા અને ત્યારથી તેઓ જાહેરમાં જોવા મળ્યા નથી.

### દિલ્હી ડાયરી...

વગર તેનો ઉકેલ લાવવા માટે સૂચના આપી.

**અખિલેશ યાદવનું ફાકડું અંગ્રેજી**

કાગળ પર વિરોધ પક્ષોનું ઇન્ડિયા ગઠબંધન અસ્તિત્વમાં હોવા છતાં, વર્તમાન રાજકીય ઘટનાક્રમ અંગે ચર્ચા કરવા અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના પડકારનો સામનો કરવાની વ્યૂહરચના ઘડવા માટે તેની ઔપચારિક બેઠક બોલાવવી ખૂબ મુશ્કેલ કામ બની ગયું છે. જોકે, મોટા ભાગના વિપક્ષી નેતાઓ દિલ્હીના બંધારણ ક્લબ ખાતે એક મંચ શેર કરતા જોવા મળ્યા હતા, જ્યાં આ વિપક્ષી નેતાઓમાંથી જ એક નેતા દ્વારા લિખિત પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. તમિલનાડુ અને એમડીએમકે પક્ષના નેતા તથા પૂર્વ સાંસદ એમ વાઇકોના પુસ્તક વિમોચન માટે બુધવારે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી નેતાઓની ઉપસ્થિતિએ આ પ્રસંગની શોભા વધારી હતી. ઉપસ્થિત અન્ય અગ્રણી નેતાઓમાં સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ, તમિલનાડુના શિક્ષણ મંત્રી એ રાજમોહન, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ સાગરિકા ઘોષ, કોંગ્રેસ નેતા પી ચિદમ્બરમ અને મણિકમ ટાગોર ઉપરાંત જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ડો. ફારૂક અબ્દુલ્લા સામેલ હતા. આ ઉપરાંત સીપીએમ જનરલ સેક્રેટરી એમ એ બેબી, સીપીઆઈ જનરલ સેક્રેટરી એ રાજા, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉત,રાષ્ટ્રીય જનતા દળના નેતા મનોજ ઝા અને નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (એસપી) નેતા સુપ્રિયા સુલે પણ હાજર રહ્યા હતા. સામાન્ય રીતે એસપી પ્રમુખ અખિલેશ યાદવ ઉત્તર પ્રદેશના હિન્દી ભાષી વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હોવાથી રાજકીય પ્રતિસ્પર્ધીઓ પર કટાક્ષ કરતા હિન્દીમાં ભાષણ આપવા માટે જાણીતા છે. જોકે, આ કાર્યક્રમ દક્ષિણ ભારતના રાજકીય નેતા પર આધારિત હોવાનું અનુભવીને તેમણે અંગ્રેજીમાં બોલીને સૌને આશ્ચર્યચકિત કરી દીધા હતા. તેમનું સુસ્પષ્ટ અને સચોટ અંગ્રેજી ભાષણ સાંભળીને ઉપસ્થિત શ્રોતાઓ પણ દંગ રહી ગયા હતા.

**રવિ કિશનનું ડિપ્લોમેટિક મૌન!**

સંસદના ચોમાસુ સત્રમાં ભાગ લેવા આવેલા સાંસદો પાસેથી નિવેદન લેવાની આશા રાખીને બેઠેલા પત્રકારો તે સમયે મૂંઝવણમાં મુકાઈ ગયા અને આશ્ચર્ય પામ્યા, જ્યારે શાસક પક્ષ ભાજપના સાંસદ અને ભોજપુરી અભિનેતા-ગાયક રવિ કિશને બુધવારે તેમને જણાવ્યું કે તેઓ તેમના પંડિતજીની સલાહ મુજબ 'મૌન વ્રત' પાળી રહ્યા છે. ઉત્તર પ્રદેશની ગોરખપુર બેઠકના આ સાંસદે પત્રકારોને મૌખિક રીતે વિનંતી કરી કે તેઓ તેમને શાંત રહેવા દે જેથી તેઓ પોતાના મૌન વ્રતનું સન્માન જાળવી શકે. પત્રકારો એ વિચારતા રહી ગયા કે શું તેઓ મૌન રહેવાની પોતાની જ પ્રતિજ્ઞા મૌખિક અપીલ કરીને તોડી રહ્યા નથી?